# વૃદ્ધિ,વિકાસ અને પરિપક્વતા

મિતલ એમ.બાલધિયા
એસ.યુ.જી.કૉલેજ ઓફ એજ્યુકેશન



# વૃદ્ધિ,વિકાસ અને પરિપક્વતા



વૃદ્ધિનો અર્થ-

વ્યક્તિની અંદર કે તેના શરીર પર થતાં માપી શકાય કે જોઈ શકાય તેવા પરિવર્તનને વૃદ્ધિ કહી શકાય.

આપણા હાથ-પગ અને અન્ય શારીરિક અંગોમાં પણ સમયની સાથે અમુક ચોક્કસ સ્તર સુધી વૃદ્ધિ થતી રહે છે.

# વૃદ્ધિ,વિકાસ અને પરિપક્વતા



વૃદ્ધિની વ્યાખ્યા -

વૃદ્ધિ શબ્દનો ઉપયોગ સ્પષ્ટ રીતે માપન યોગ્ય પરિવર્તનો માટે થાય છે. - એસ.ડંડ્પાની

વૃદ્ધિ એ ઊંચાઇ,કદ અને વજન જેવા શારીરિક પરિમાણોના વધારાનું સૂચન કરે છે અને સામાન્ય રીતે તેનું ક્ષેત્ર માપન યોગ્ય પરિવર્તનો પૂરતું મર્યાદિત છે.

– એસ.એસ.ચૌહાણ

વૃદ્ધિ એ વાતાવરણની નહીં પરંતુ સજીવની અંદર થતી પોતાની ક્રિયાનું પરિણામ છે. - આર્નોલ્ડ ગેસલ

# વૃદ્ધિ,વિકાસ અને પરિપક્વતા



વિકાસનો અર્થ–

વાતાવરણ સાથેની આંતરક્રિયાનું પરિણામ છે. વિકાસ એ સજીવમાં થતા ગુણાત્મક પરિવર્તન સાથે સંબંધ ધરાવે છે જનું પ્રત્યક્ષ માપન થઇ શકતું નથી.

# વિકાસ




વિકાસની વ્યાખ્યા -

સજીવમાં થતાં ગુણાત્મક પરિવર્તને વિકાસ કહી શકાય. – એસ.એસ.ચૌહાણ

બાળકમાં થતા ગુણાત્મક પરિવર્તન જેવા કે બેસવા,ઊભા રહેવા અને વિચારવાના સામર્થ્યમાં થતા વધારાને દર્શાવવા માટે વિકાસ શબ્દનો પ્રયોગ થાય છે.
- એસ.ડંડ્પાની

વ્યક્તિના વર્તમાન પ્રતિચાર તરાહોમાં ફેરફાર લાવી તેના સામર્થ્ય,અન્ય વ્યક્તિ સાથેના તેના તફાવતના પ્રમાણ અને તેના વ્યક્તિત્વમા દેખાવમાં ગુણાત્મક વધારો કરે તેવી વ્યક્તિની તેના આસપાસના વાતાવરણ સાથેની આંતરક્રિયા એટલે વિકાસ.
– એસ.એસ.ચૌહાણ

# વિકાસ અને વૃદ્ધિનો તફાવત

| વૃદ્ધિ | વિકાસ |
|---|---|
| માત્ર શારીરિક ઘટના છે. | શારીરિક, માનસિક ફેરફારોના સંયોગથી પ્રાપ્ત થતી ક્ષમતા છે. |
| મોટા ભાગે વારસા પર આધારિત અને પ્રભાવિત હોય છે. | વારસો તેમજ વાતાવરણ બંને પરિબળોઆને અસર કરે છે. |
| જે તે અંગની પક્વતા સિદ્ધ થતાં વૃદ્ધિ અટકી જાય છે. | વિકાસ એ આજીવન પ્રક્રિયા છે, |
| આને વર્તન સાથે પરોક્ષ સંબંધ છે. | આને વર્તન સાથે પ્રત્યક્ષ સંબંધ છે. |
| આ સહજ પ્રક્રિયા છે. | આ સંકુલ પ્રક્રિયા છે. |
| કદનું માપ તે વૃદ્ધિ. | ક્રિયાનું માપ તે વિકાસ. |
| શરીરના કોઈ એક અંગ વિશેષનું પરિવર્તન સૂચવે છે. | વિકાસ સમગ્ર પરિવર્તન સૂચવે છે. |

# વિકાસ અને વૃદ્ધિનો તફાવત

| વૃદ્ધિ | વિકાસ |
|---|---|
| વૃદ્ધિનું પરિવર્તન તરત જોઈ અનુભવી શકાય છે. | વિકાસ વર્તન દ્વારા જ જોઈ – અનુભવી શકાય છે. |
| વૃદ્ધિના અંતે શરીરનાં અંગોની પરિપક્વતા સિદ્ધ થાય છે. | વિકાસને અંતે વ્યક્તિ દ્વારા શિક્ષણ મેળવે છે. |
| વૃદ્ધિની સાથે વિકાસ હંમેશા સિદ્ધ થાય જ તેવું નથી. | વિકાસ માટે વૃદ્ધિ થવી આવશ્યક છે. |
| વૃદ્ધિનું માપન સરળ છે. | માપન કરવા ખાસ સાધનો અને પ્રવિધિ યોજવાં પડે છે. |
| ગર્ભાધાનકાળથી જ વૃદ્ધિની પ્રક્રિયા શરુ થાય છે. | વિકાસ જન્મ પછી ક્રમશ સિદ્ધ થાય છે. |
| વૃદ્ધિ ચોક્કસ મર્યાદામાં જ થાય છે. | વિકાસની સંભાવના વિશાળ છે. |

# વિકાસ અને વૃદ્ધિનો આંતરસંબંધ




- ✓ વૃદ્ધિ અને વિકાસ પરસ્પરાવલંબી છે.
- ✓ વૃદ્ધિ વગર વિકાસ અને વિકાસ વગર વૃદ્ધિ શક્ય નથી.
- ✓ વિકાસ નિરંતર ચાલતી પ્રક્રિયા છે જયારે વૃદ્ધિ ચોક્કસ સમય બાદ અટકી જાય છે. તેની દિશામાં ફેરફાર થાય છે.
- ✓ વ્યક્તિના વિકાસ પર અમુક સંજોગોમાં પ્રત્યક્ષ કે પરોક્ષ અસર પડતી હોય છે.
- ✓ વૃદ્ધિને વિકાસના એક ભાગ તરીકે પણ જુએ છે.

# વિકાસ અને વૃદ્ધિના સિદ્ધાંતો



- ✓ નિરંતર વિકાસનો સિદ્ધાંતો
- ✓ વિકાસની વિભિન્ન ગતિનો સિદ્ધાંત
- ✓ વિકાસક્રમનો સિદ્ધાંત
- ✓ વિકાસ-દિશાનો સિદ્ધાંત
- ✓ એકીકરણનો સિદ્ધાંત
- ✓ પરસ્પર સંબંધનો સિદ્ધાંત
- ✓ વ્યક્તિગત ભિન્નતાનો સિદ્ધાંત
- ✓ સમાન તરાહનો સિદ્ધાંત
- ✓ સામાન્યથી વિશિષ્ટ પ્રતિક્રિયાનો સિદ્ધાંત
- ✓ વારસો અને વાતાવરણની આંતરક્રિયાનો સિદ્ધાંત
- ✓ પૂર્વાંગાહીનો સિદ્ધાંત

# વૃદ્ધિ અને વિકાસને અસરકર્તા પરિબળો

<u>વારસો –</u>

વંશાનુક્રમ કે વારસો એ વ્યક્તિની જન્મગત વિશિષ્ટતોઓનો સમગ્ર સરવાળો છે.

- ✓ શારીરિક વૃદ્ધિ
- ✓ બુદ્ધિની શ્રેષ્ઠતા
- ✓ વ્યાવસાયિક યોગ્યતા
- ✓ સામાજિક સ્થિતિ
- ✓ ચારિત્ર્ય
- ✓ મહાનતા

# વૃદ્ધિ અને વિકાસને અસરકર્તા પરિબળો

<u>વાતાવરણ –</u>

વ્યક્તિની ચારે બાજુ આસપાસ જે કંઇ છે તે તેનું વાતાવરણ છે.

- ✓ શારીરિક વિકાસ
- ✓ માનસિક વિકાસ
- ✓ બુદ્ધિનો વિકાસ
- ✓ વ્યક્તિત્વ પર અસર
- ✓ વંશાનુક્રમ અને વાતાવરણ

# પરિપક્વતાનો અર્થ,

પરિપક્વતાનો અર્થ –

કુદરતી રીતે વૃદ્ધિ થઈને વધુમાં વધુ કક્ષા સુધી પહોંચવાની પ્રક્રિયાને પરિપક્વતા કહેવામાં આવે છે.

પરિપક્વતામાં શીખવાની પ્રક્રિયામાં ઉંમર સાથે થનારા બધા જ પરિવર્તનોનો સમાવેશ થાય છે કે,જે પૂર્વ અભ્યાસ કે અનુભવના બદલે મુખ્યત્વે જૈવિક વૃદ્ધિ સાથે સંકળાયેલા પરિબળો ઉપર આધારિત હોય.

- મેક જ્યોક,1942

# પરિપક્વતાનો અર્થ,

પરિપક્વતા વ્યક્તિના શરીરની આંતરિક કાર્યપ્રણાલી દ્વારા સ્નાયુઓ અને માંસપેશીઓને પ્રાપ્ત થતી દઢતા અને પરિપક્વતા છે,જે જીવ વિશેષના બાહ્ય વાતાવરણના પરિબળોથી પ્રભાવિત થતી નથી.

એ.ગેસેલ,1919

# પરિપક્વતાનો અર્થ,

પરિપક્વતા વ્યક્તિના શરીરની આંતરિક કાર્યપ્રણાલી દ્વારા સ્નાયુઓ અને માંસપેશીઓને પ્રાપ્ત થતી દૃઢતા અને પરિપક્વતા છે,જે જીવ વિશેષના બાહ્ય વાતાવરણના પરિબળોથી પ્રભાવિત થતી નથી.

એ.ગેસેલ,1919